બાગાયત મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સીટી
આણંદ

==========================================================

# બાગાયત મહાવિદ્યાલય ખાતે "આંતર કોલેજ સ્પર્ધા ૨૦૨૪-૨૫" નો ઉદ્ઘાટન સમારંભ

## તથા

## આંતર કોલેજ ચેસ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન

આણંદ કૃષિ યુનિવર્સીટીમાં આંતર કોલેજ સ્પર્ધાઓ ૨૦૨૪-૨૫ નું ઉદ્ઘાટન સેમિનાર હૉલ, બાગાયત મહાવિદ્યાલય ખાતે તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું. આ ઉપરાંત કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. જી. આર. પટેલ, વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી ડૉ. ડી. એચ. પટેલ તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જે. કે. પટેલ અતિથી વિશેષ તરીકે હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત સ્વાગત, પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ અત્રેની કોલેજના માનનીય આચાર્યશ્રી ડૉ. એન. આઈ. શાહ સાહેબ દ્વારા મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી ડૉ. ડી. એચ. પટેલ, કુલસચિવશ્રી ડૉ. જી. આર. પટેલ, તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જે. કે. પટેલ સાહેબે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા સર્વે વિદ્યાર્થીઓને જીવનમાં અભ્યાસની સાથે-સાથે ખેલકૂદની વિવિધ રમતોનું પણ એટલું જ મહત્વ જણાવ્યું હતું અને ખેલદિલી (સ્પોર્ટ્સમેનશીપ) તથા સંઘ ભાવના (ટીમ સ્પિરિટ) સાથે વિવિધ રમતો રમવા માટે પ્રોત્સાહન આપેલું. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબે વિદ્યાર્થીઓને સ્પર્ધામાં અંતે આવતા પરિણામની ચિંતા ન રાખી રમતને માણવી અને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપી રાજ્ય તથા દેશ સ્તરે પોતાની યુનિવર્સિટીનું નામ આગળ લાવવા પ્રોત્સાહન પૂરું પાડ્યુ હતું. વધુમાં, વિદ્યાર્થીઓના સારા પ્રદર્શન માટે યુનિવર્સિટી અને કોલેજ ખાતે વધુમાં વધુ સવલતો પુરી પાડવા તથા કોચીંગ માટે કોચની નિમણુંક કરવાનું પણ દર્શાવ્યું હતું. જો કોઇ વિદ્યાર્થી અથવા ટીમ દ્વારા અસાધારણ કરતા સારુ પ્રદર્શન કરતા હોય તો તેઓ માટે સ્પેશિયલ કોચીંગ કેમ્પ કરાવવા માટે વિદ્યાલયોના આચાર્યશ્રીઓ તથા એસ.આર.સી. ચેરમેનશ્રીઓને અપીલ કરી હતી. વક્તવ્યના અંતમાં માનનીય કુલપતિશ્રીએ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયની વર્ષ ૨૦૨૪-૨૫ ની આંતર-મહાવિદ્યાલય રમતગમત, સાંસ્કૃતિક અને સાહીત્યિક સ્પર્ધાઓ ખુલ્લી મુકેલી જાહેર કરી હતી. ત્યાર બાદ યુનિવર્સિટીના શારીરિક પ્રશિક્ષક, કેપ્ટન પી. એ. ગોહિલ દ્વારા સર્વે પ્રતિસ્પર્ધીઓને દરેક રમતો ખેલદિલી તથા સંઘ ભાવના સાથે રમવા શપથ લેવડાવવામાં આવી હતી. અંતમાં બાગાયત મહાવિદ્યાલય, આણંદના એસ.આર.સી. ચેરમેન ડૉ. એચ. એન. પ્રજાપતિ દ્વારા કાર્યક્રમમાં હાજર તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્ન કરનાર સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

આંતર કોલેજ ચેસ સ્પર્ધામાં આણંદ કૃષિ યુનિવર્સીટીની ૮ કોલેજોના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




Dr. K. B. Kathiria
Hon'ble Vice Chancellor,
AAU, Anand


Inaugural Session
Of
Sports Tournament 2024-25
Agricultural University, Anand
AND
Date: 12th Aug
Time: 08


Inaugural Session
Of




AIT








Inaugural Session
Of
Intercollegiate Sports Tournament 2024-25
Anand Agricultural University, Anand
AND
Intercollegiate Chess Competition 2024-25
on
Date: 12th August, 2024
Time: 08:30 am
Venue:
Seminar Hall
College of Horticulture
A. A. U., Anand
Dr. G. R. Patel
Dr. K. B. Kathiria
Dr. J. K. Patel





